<u>એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,અમદાવાદની કોર્ટ</u>

<u>કોર્ટ નં.૩૨ (નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટસ એકટની કોર્ટ)</u>

<u>ક્રિ. ઈન્કવાયરી નંબર :-7210-2023</u>

<u>: : આંક-૦૧ તળે હુકમ : :</u>

હાલની ફરીયાદ રજુ થતાં, સદર ફરિયાદ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ.

ફરીયાદી તેમજ ફરિયાદીના વિ.વકીલશ્રી હાજર. સાંભળ્યા. કલમ -૧૩૮ (બી) ની નોટીસ અને ફરિયાદ દાખલ કરવા સંદર્ભે ફરિયાદીની રજુઆત ઘ્યાને લીધી. ફરીયાદીએ ફરિયાદ રજીસ્ટરે લેવાં અરજ કરેલ છે. ફરિયાદી તરફે એવી રજુઆત પણ છે કે ચેકમાં આરોપી ની સહી છે જેથી આરોપી વિરુધ્ધ સમન્સ કરવો જોઈએ.

ફરિયાદ હકીકત વંચાણે લીધી. ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોંગદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ઘ્યાને લીધું. *નામદાર સર્વોચ્ચ <u>અદાલતે ઈન્ડીયન બેંક એસોશીએશન અને અન્ય વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્ય, (૨૦૧૪) ૫ એસસીસી ૫૯૦</u>* માં પ્રસ્થાપિત કરેલ સિંઘ્ધાતો ઘ્યાને લીધાં.

ફરીયાદ, પુરાવાનું સોગંદનામું, તથા રજુ કરેલ દસ્તાવેજો ઘ્યાને લેતાં, સદર કામે ચેક વંચાણે લેતાં, ચેકમાં **આરોપી નં.૧ BHULKASAGAR EDUCATION FOUNDATION વતી આ.નં.૨ BHAVESHBHAI CHHAGANBHAI KALASARIYA DIRECTOR OF BHULKASAGAR EDUCATION FOUNDATION, આ.નં.3 GOPAL BHAYABHAI KAVAD MANAGING DIRECTOR OF BHULKASAGAR EDUCATION FOUNDATION** નાઓએ સહી કરેલ હોવાનું ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે. પ્રથમ દર્શનીય રીતે હાલની ફરીયાદમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ની કલમ- ૧૩૮ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા હોય તેવું જણાઈ આવે છે . આથી સદર કામે **આરોપી નં.૧ BHULKASAGAR EDUCATION FOUNDATION, આ.નં.૨ BHAVESHBHAI CHHAGANBHAI KALASARIYA DIRECTOR OF BHULKASAGAR EDUCATION FOUNDATION અને આ.નં.3 GOPAL BHAYABHAI KAVAD MANAGING DIRECTOR OF BHULKASAGAR EDUCATION FOUNDATION** વિરુધ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય, સદર ઈન્કવાયરી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર **<u>ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.</u>** **આરોપી નં.૧ BHULKASAGAR EDUCATION FOUNDATION, આ.નં.૨ BHAVESHBHAI CHHAGANBHAI KALASARIYA DIRECTOR OF BHULKASAGAR EDUCATION FOUNDATION અને આ.નં.3 GOPAL BHAYABHAI KAVAD MANAGING DIRECTOR OF BHULKASAGAR EDUCATION FOUNDATION** વિરુધ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય, સદર ઈન્કવાયરી ફેંસલ કરી આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૦૪ અન્વયે ધી નેગોશીયેબલ,ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ- ૧૩૮ મુજબના ગુન્હા સબબનો સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપીઓ વિરુઘ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ સદર આરોપીઓને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. ફરિયાદીની વિનંતી ઘ્યાને લેતાં, ફરિયાદી આરોપીઓને સમન્સ સામાન્ય રીતે ઉપરાંત આર.પી.એ.ડી. અને ઈ-મેઈલ થી બજાવી શકશે પરંતુ ઈ-મેલ થી બજવણી માટે તેઓએ આરોપીઓનું ઈ-મેલ એડ્રેસ ખરુ છે તેવું જાહેર કરવાનું રહેશે.

**ફરી મુદત તારીખ:૧૯-૦૮-૨૦૨૩**

તારીખ : ૧૭-૦૬-૨૦૨૩

સ્થળ : અમદાવાદ

**( ચિરાગકુમાર આર. પટેલ )**

એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

(નેગો.ઈન્સ્ટુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૨)

અમદાવાદ.( જી.જે.૦૧૧૩૬)